सत्यमेव जयते

| | |
|---|---|
| GJJM090002082020 | કેસ દાખલ તારીખ: ૧૭/૧૦/૨૦૨૦<br>કેસ નોંધ્યા તારીખ: ૧૭/૧૦/૨૦૨૦<br>ઠરાવ જાહેર તારીખ: ૨૦/૦૩/૨૦૨૬<br>અવધિઃ– ૫ વર્ષ, ૫ માસ, ૩ દિવસ |

**<u>જોડીયાના મહેરબાન જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા</u>**

**આંક–**

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપીઃ–** (૧) રમણીકભાઇ ચમનભાઇ પઢીયાર **<u>(એબેટ)</u>**
ઉ.વ.–૩૯, ધંધો–ખેતી,
રહે. પીઠડ ગામ, તા.જોડીયા, જી.જામનગર
(૨) શાહીલ કરીમભાઇ જશરાયા **<u>(એબેટ)</u>**
ઉ.વ.–૩૫, ધંધો–મજુરી,
રહે. વિવેકાનંદ વિદ્યાલય પાસે, પીઠડ ગામ,
તા.જોડીયા, જી.જામનગર
(૩) રમેશભાઇ ઉર્ફે લાંબો કરશનભાઇ અરજણભાઇ પઢીયાર
ઉ.વ.–૪૬, ધંધો–મજુરી,
રહે. ન્યુ પ્લોટ, પીઠડાઇ માતાજીના મંદીર સામે,
પીઠડ ગામ, તા.જોડીયા, જી.જામનગર
(૪) મજીદ સીદીકભાઇ કમોરા **<u>(એબેટ)</u>**
ઉ.વ.–૩૪, ધંધો–મજુરી,
રહે. વિવેકાનંદ વિદ્યાલય પાસે, પીઠડ ગામ,
તા.જોડીયા, જી.જામનગર

**ગુનો:–** ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૧૨૦(બી), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી એન.કે.પરમાર
આરોપી નંબર–૩ તરફે વિ.વકિલ શ્રી વી.એસ.માનસાતા

**<u>–:: ચુકાદો ::–</u>**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુન્હાહીત કાવતરૂ ઘડી આરોપી નંબર–૧નાએ તારીખ ૨૩/૧૨/૨૦૧૯ ના રોજ કલાક ૯/૩૦ વાગ્યે ફરીયાદીને ફોન કરી આખા આંટાના સિલાઈ મશીન નંગ–૮ તથા અડધા આંટાના સિલાઈ મશીન નંગ–૪ તથા ફોલ છેડાના સિલાઈ મશીન નંગ–૨ મોટર તથા એસેસરીઝ સહિત કુલ કિ.રૂ.૧,૧૭,૨૦૦/– નો મુદ્દામાલ ફરીયાદીને વિશ્વાસમાં લઇ પોતાના પીઠડ ગામ ખાતે મંગાવી ફરીયાદી ઉપરોક્ત મુદ્દામાલ સાથે પીઠડ ગામે આવતા આરોપી નંબર–૨ થી ૪નાઓએ કાવતરા મુજબ ફરીયાદીને આરોપી નંબર–૧ ના રહેણાંકે લઇ જઇ માલ ઉતરાવી ફરીયાદીએ આરોપી નંબર–૧ને ફોન કરતા ફરીયાદીને લતીપુર ગામે એ.ટી.એમ.માંથી પૈસા ઉપાડી દઉ તેમ કહી આરોપી નંબર–૩ તથા ૪ ફરીયાદીની ગાડીની આગળ–આગળ ચાલી લતીપુરગામ પહોંચતા ગામમાંથી ફરીયાદીની નજર ચુકવી મો.સા. લઇ નાશી ગયેલ બાદ ફરીયાદીએ આરોપી નંબર–૧ને પૈસા બાબતે ફોન કરતા આરોપીએ ફરીયાદીને ગલ્લા તલ્લા કરી પૈસા નહી ચુકવી અને ફરીયાદીને ભુંડી ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તમામ આરોપીઓએ પુર્વ આયોજિત કાવતરૂ રચી ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરી એકબીજાની મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૧૨૦(બી), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ. જે બાબતે જોડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદીએ ફરીયાદ આપતા તે ગુના રજી. નં. ફસ્ર્ટ ૨૪/૨૦૧૯ થી નોંધી તપાસ કરનાર અમલદારે આ ગુનાની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, આરોપીઓ સામે પુરતો

પુરાવો જણાઇ આવતા આરોપીઓ વિરૂદ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલુ.

**(૨)** આ કામે આરોપીઓને પ્રોસેસની બજવણી થતા, આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતાં આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ. જે દરમ્યાન આરોપી નંબર–૧ મરણ ગયેલ હોય તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ. આરોપીઓ સામે આંક–૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તેઓની સામે ફરમાવેલ તહોમત અંગે આરોપી નંબર–૨ થી ૪ ની આંક–૫ થી ૭ સુધી પ્લી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ, જેથી આ કામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ કાર્યવાહી દરમ્યાન આરોપી નંબર–૨ તથા આરોપી નંબર–૪ મરણ ગયેલ હોઈ, આરોપી નંબર–૨ તથા ૪ સામેનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

**–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવા :–**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ દેવાણંદભાઈ માણંદભાઈ ગોગરાની જુબાની | ૨૨ |
| ૨ | અટક તથા રીક્વરી પંચનામું (ખરી નકલ) | ૨૩ |
| ૩ | પંચ સાહેદ નરેન્દ્રસિંહ શક્તિસિંહ જાડેજાની જુબાની | ૨૪ |
| ૪ | ફરીયાદી પ્રશાંત બીપીનભાઈ ચાવડાની જુબાની | ૩૧ |
| ૫ | ફરીયાદ (ખરી નકલ) | ૩૨ |
| ૬ | સિલાઈ મશીનનું બીલ | ૩૪ |

| | | |
|---|---|---|
| ૭ | પંચ સાહેદ સીદીભાઇ આલાભાઇ જુંજાની જુબાની | ૪૫ |
| ૮ | અટક તથા રીક્વરી પંચનામું (ખરી નકલ) | ૪૬ |
| ૯ | પંચ સાહેદ સબીર ઇસ્માઇલ શાહમદારની જુબાની | ૪૭ |
| ૧૦ | સાહેદ ભાવીન બીપીનભાઇ ચાવડાની જુબાની | ૪૯ |
| ૧૧ | સાહેદ સુરેશ તેજબહાદુર વિશ્વકર્માની જુબાની | ૫૩ |
| ૧૨ | સાહેદ અજયભાઇ મૈયાભાઇ મકવાણાની જુબાની | ૫૬ |
| ૧૩ | સાહેદ નેમીશભાઇ અતુલભાઇ ચાવડાની જુબાની | ૬૦ |
| ૧૪ | સાહેદ અતુલભાઇ નરભેરામભાઇ ચાવડાની જુબાની | ૬૧ |
| ૧૫ | સાહેદ સંજયભાઇ નરભેરામભાઇ ચાવડાની જુબાની | ૬૩ |
| ૧૬ | તપાસ કરનાર અમલદાર સોનલબેન વલ્લભદાસ સામાણીની જુબાની | ૭૩ |

આ કામમાં ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવા બાદ તમામ સાહેદો તપાસાઇ જતાં વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતિથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૪)** ત્યારબાદ ફરિયાદપક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપી નંબર–૩ નું વિશેષ નિવેદન લેવામાં આવતાં, આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકિકતનો સ્વિકાર કરેલ છે. જ્યારે બાકીના પુછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કાર કરેલ છે તથા જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓએ નિર્દોષ હોવાની રજુઆત કરેલ છે.

**(૫)** ત્યાર બાદ ફરિયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો તથા આરોપી નંબર–૩ તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**(૬)** ઉપરોક્ત હકિકતો તેમજ રજુ થયેલ પુરાવો તથા કાયદાની જોગવાઇઓ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તારીખ ૨૩/૧૨/૨૦૧૯ ના રોજ કલાક ૯/૩૦ વાગ્યે ફરીયાદીને ફોન કરી આખા આંટાના સિલાઇ મશીન નંગ–૮ તથા અડધા આંટાના સિલાઇ મશીન નંગ–૪ તથા ફોલ છેડાના સિલાઇ મશીન નંગ–૨ મોટર તથા એસેસરીઝ સહિત કુલ કિ.રૂ.૧,૧૭,૨૦૦/– નો મુદ્દામાલ ફરીયાદીને વિશ્વાસમાં લઇ પોતાના પીઠડ ગામ ખાતે મંગાવી ફરીયાદીને આરોપી નંબર–૧ ના રહેણાંકે લઇ જઇ માલ ઉતરાવી ફરીયાદીએ આરોપી નંબર–૧ને ફોન કરતા ફરીયાદીને લતીપુર ગામે એ.ટી.એમ.માંથી પૈસા ઉપાડી દઉ તેમ કહી આરોપી નંબર–૩ તથા ૪ ફરીયાદીની ગાડીની આગળ–આગળ ચાલી લતીપુરગામ પહોંચતા ગામમાંથી ફરીયાદીની નજર ચુકવી મો.સા. લઇ નાશી ગયેલ બાદ ફરીયાદીએ આરોપી નંબર–૧ને પૈસા બાબતે ફોન કરતા આરોપીએ ફરીયાદીને ગલ્લા તલ્લા કરી પૈસા નહી ચુકવી અને ફરીયાદીને ભુંડી ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તમામ આરોપીઓએ પુર્વ આયોજિત કાવતરૂ રચી ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરી એકબીજાની મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૧૨૦(બી), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

**(૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| **(૧)** | નકારમાં. |
| **(૨)** | આખરી હુકમ મુજબ. |

**–:: કારણો ::–**

**<u>મુદ્દા નંબર ૧</u> ::–**

**(૮)** ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર તે મુજબનો ગુન્હો શંકા રહિત પુરવાર કરવો જોઇએ. બચાવપક્ષે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઇએ અને જો કોઇ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઇએ. જો આવા કોઇ વિશેષ પુરાવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવુ માની શકાય નહી. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઇએ તેવુ કાયદાનું ધોરણ છે.

**(૮.૧)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૩ વાળા પંચનામાના પંચ સાહેદ દેવાણંદભાઇ માણંદભાઇ ગોગરાને આંક–૨૨ થી તથા પંચ સાહેદ નરેન્દ્રસિંહ શકિતસિંહ જાડેજા આંક–૨૪ થી તપાસવામાં આવેલ છે તથા આંક–૪૬ વાળા પંચનામાનાં પંચ સાહેદ સીદીભાઇ આલાભાઇ જુંજાને આંક–૪૫ થી તથા પંચ સાહેદ સબીર ઇસ્માઇલ શાહમદારને આંક–૪૭ થી તપાસવામાં આવેલ છે. જેઓ પંચનામામાં પોતાની સહી હોવાની હકિકત જણાવે છે. એ સિવાય પંચનામાની કોઇ હકિકતને સમર્થન કરતા ન હોઇ વિદ્વાન એપીપીશ્રી દ્વારા હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. વિદ્વાન એપીપીશ્રી દ્વારા ઉલટતપાસમાં

પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકિકત જણાવેલ નથી.

**(૮.૨)** ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૧ થી ફરીયાદી પ્રશાંત બીપીનભાઇ ચાવડાને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ગોકુલધામ સોસાયટી, બ્લોક નં.૬૧, કૃષ્ણનગર મેઈન રોડ, રાજકોટ ખાતે પરીવાર સાથે રહે છે અને હીરાલાલ કે. બ્રધર્સ નામની સીલાઈ મશીનના વેચાણની અને રીપેરીંગની દુકાન છે જે રાજકોટ ખાતે લાખાજીરાજ રોડ બાપુના બાવલા સામે આવેલી છે. તારીખ ૨૩/૧૨/૨૦૧૯ ના રોજ સવારે સાડા નવેક વાગ્યે તેઓને ફોન આવેલો હતો અને કીધુ કે હુ રમણીકભાઈ પઢીયાર બોલુ છુ. તેઓને જે નંબરનો ફોન આવેલો તે ફોન નંબર ૯૮૨૫૯૧૬૯૬૫ જેવા કંઈક હતા અને તેઓએ જણાવેલ કે મારે સીલાઈ મશીન જોઈએ છે જેથી તેઓએ તેઓને પુછેલ કે તમારે કયા પ્રકારના મશીન જોઈએ છે. જેથી તેઓએ જણાવેલ કે આઠ આખા આંટાના સીલાઈ મશીન, બે નંગ ફોલછેડાના સીલાઈ મશીન અને ચાર અડધા આંટાના સીલાઈ મશીન નુ જણાવેલ. જેથી તેઓએ તેઓને સમગ્ર મુદામાલની રકમ ૧,૧૭,૨૦૦/– જણાવેલ અને ટ્રાન્પોર્ટીંગ ખર્ચ ૨૫૦૦/– નુ જણાવેલ જેથી તેઓએ જણાવેલ કે અમો મુદામાલની રકમ તથા ટ્રાન્સપોર્ટની રકમ પીઠડ ગામે માલ આપવા આવશો ત્યારે આપી દઈશુ. ત્યારબાદ ૨૪/૧૨/૨૦૧૯ ના રોજ સુરેશભાઈ વિશ્વકર્મા સાથે અજયભાઈની છોટા હાથી ગાડીમા ઉપરોકત મુદામાલ લઈને પીઠડ ગામે પહોચ્યા. ત્યારબાદ તેઓએ રમણીકભાઈને ફોન કરેલ અને કહેલ કે અમો સીલાઈ મશીન લઈને આવી ગયેલ છીએ તેવામા રમેશભાઈ પઢીયાર બાઈક લઈને તેઓની પાસે આવેલ અને કહેલ કે હુ રમણીકભાઈનો ભાઈ છુ અને ત્યારબાદ આ રમેશભાઈ તેઓને રમણીકભાઈના ઘરે લઈ ગયેલ જે રમણીકભાઈનુ

ઘર લોખંડના ડેલાવાળુ અને અંદરના ભાગે ખુલ્લુ ફળીયુ હતુ અને ત્યા તેઓએ રમેશભાઈને સીલાઈ મશીન નંગ ૧૪ ઉતારેલા જેમા સીલાઈ મશીન આઠ આખા આંટાના, ચાર અડધા આટાના અને બે નંગ ફોલછેડાના હતા. ત્યારબાદ તેઓએ રમણીકભાઈ સાથે ટેલીફોન દ્વારા સીલાઈ મશીનના પેમેન્ટ બાબતે વાત કરેલ. તેઓએ જણાવેલ કે રમેશભાઈ તમારી સાથે આવશે અને લતીપરથી આગળ ઈન્ડીયન ઓઈલના પેટ્રોલપંપ પાસે એ.ટી.એમ. છે ત્યાથી હુ તમને પેમેન્ટ કરાવી આપીશ. ત્યારબાદ તેઓ તથા સુરેશભાઈ તેઓની ગાડીમા તથા રમેશભાઈ પઢીયાર તેના બાઈકમા ઈન્ડીયન ઓઈલના પેટ્રોલપંપ પાસે જવા નીકળેલ. રમેશભાઈ તેઓની આગળ બાઈક લઈને જતા હતા અને તેઓની ગાડી તેની પાછળ હતી. તેઓ લતીપર પહોચીયે તે પહેલા રમેશભાઈ કયાંક આડા અવળા થઈ ગયેલ અને તેઓ પેટ્રોલ પંપે પહોચેલ અને ત્યા પહોચીને તેઓએ રમણીકભાઈને ફોન કરેલ અને તેઓએ કહેલ કે હુ આવુ છુ અને ત્યારબાદ તેઓ આવેલ નહી. તેઓએ તેની સાંજના સાડા પાંચ સુધી રાહ જોયેલી. ત્યારબાદ તેઓ ફરીવાર જયાં માલસામાન ઉતારેલ છે તે જગ્યાએ ગયેલ ત્યા હાજર રહેલ એક બેનને તેઓએ સીલાઈ મશીન બાબતે પુછેલ તેઓએ જણાવેલ કે મને કોઈ બાબતની ખબર નથી અને તમો રમણીકભાઈ સાથે વાત કરવાનુ કહેલ. ત્યારબાદ તેઓ ફરી પેટ્રોલપંપે ગયેલ. ત્યાં જઈને તેઓએ રમણીકભાઈને ફોન કરેલ ત્યારે રમણીકભાઈએ કહેલ કે મારી પાસે પૈસા નથી અને ગાળો બોલવા લાગેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ. ત્યારબાદ તેઓએ બનાવ બાબતની તેઓના ભાઈ ભાવીનભાઈ અને તેઓના કાકા અતુલકાકા અને સંજયકાકાને વાત કરેલી અને કહેલ કે તેઓની સાથે છેતરપીંડી થયેલ છે. ત્યારબાદ તેઓએ ચર્ચા કરેલ અને આરોપીઓ વિરૂધ્ધ જોડીયા પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલ. તેઓને ફરીયાદ બતાવતા પોતાની સહી ઓળખી બતાવી ફરીયાદ આંક–૩૨ થી રજુ

રાખેલ છે. આરોપી રમેશભાઈને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. અન્ય ઈસમ જે કોર્ટમા હાજર છે જેને જોયેલ છે પણ હાલ નામ યાદ નથી જેનુ કોર્ટ રૂબરૂ નામ પુછતા પોતે પોતાનુ નામ સાહીલ કરીમ જશરાયા હોવાનુ જણાવે છે. જે હાલના કામે આરોપી નં. ૨ છે. તેઓએ ફરીયાદ વખતે પોલીસને તેઓની પેઢીના હીરાલાલ કે બધર્સના રમણીકભાઈ પઢીયાર રહેવાસી પીઠડને મુદામાલ સીલાઈ મશીનની કિમત રૂ.૧,૧૭,૨૦૦/– ના બીલ આપેલા. જેને પુરાવામા આંક–૩૪ થી રજુ રાખેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવી હકિકતો જણાવેલ છે કે, હાલના બનાવ અગાઉ તેઓ ક્યારેય પીઠડ ગામ ગયેલા નથી, તેઓ આરોપી રમણીકભાઇ તથા રમેશભાઇ તથા મજીદભાઇને હાલના બનાવ અગાઉ ક્યારેય મળેલ નહી. વધુમાં સદર સાહેદે એ હકિકતોનો સ્વિકાર કરેલ છે કે, તેઓને તેઓના પરિવારજનો અથવા મિત્ર વર્તુળમાંથી કોઈપણ ઇસમે ક્યારેય એવી માહિતી આપેલ નથી કે પીઠડ ગામના હાલના આરોપીઓને સીલાઇના મશીનોની જરૂરીયાત છે, તેઓ હીરાલાલ બ્રધર્સના માલીક હોય કે પ્રોપરાઇટર હોય કે તેમા કામ કરતા હોય કે પાર્ટનર હોય તે હકિકત દર્શાવવા ફરીયાદ સાથે કે આજદિન સુધી કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી, રાજકોટ કોર્પોરેશનમાં કોઇ દુકાન ધરાવતા હોય તો તે બાબતનું લાઇસન્સ આપવામાં આવતુ હોય છે, હાલના કામે હીરાલાલ બ્રધર્શ નામની દુકાન રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ધરાવે છે તે દર્શાવવા ફરીયાદ સમયે કે આજદીન સુધી કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓની પાસે ફરીયાદ આપતી સમયે માંગલ ન હોય આપેલ ન હતુ પરંતુ તેઓ રજુ કરી શકે. વધુમાં સદર સાહેદે એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, જે મોબાઇલ નંબર ઉપરથી તેઓના મોબાઇલ નંબર ઉપર ફોન આવેલ તે તેઓનો મોબાઇલ નંબર તેઓએ ફરીયાદમાં જણાવેલ નથી, તેઓએ પોતાના અદાલત સમક્ષના નિવેદનમાં જે કંપનીના સીલાઇ મશીનોનો ઉલ્લેખ કરેલ છે તેની કંપનીની કોઇ માહીતી ફરીયાદમાં જણાવેલ

નથી, તેઓએ પોતાની ફરીયાદમાં ક્યાંય જણાવેલ નથી કે તેઓએ આપેલ મશીનોનું બીલ રમણીકભાઇના નામનું બનાવેલ છે, તેઓ જે વાહનમાં મશીનોની ડીલીવરી આપવા ગયેલ તેનો રજીસ્ટ્રેશન નંબર ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવી હકિકતો જણાવેલ છે કે, તેઓને રમણીકભાઇનો ફોન તારીખ ૨૩/૧૨/૨૦૧૯ના રોજ સવારના સાડા નવ વાગ્યે આવેલો તે સમયે તેઓ પોતાના ઘરે હતા. બચાવપક્ષ દ્વારા રમણીકભાઇનો ફોન આવેલો ત્યારે તમે તમામ ખર્ચ જણાવી દીધેલ ? તેવા સવાલના જવાબમાં જણાવેલ છે કે તેઓએ ફક્ત મશીનોની કિંમત જણાવેલ.

વધુમાં બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકિકત સ્વિકારેલ છે કે, તેઓએ પોતાની ફરીયાદમાં ક્યા મશીનોની કેટલી કિંમત છે તે જણાવેલ નથી. સદર સાહેદ વધુમાં જણાવે છે કે દુકાને પહોંચ્યાં પછી તેઓએ રમણીકભાઇને ફોન કરેલ નથી  તેઓનું એવુ કહેવુ છે કે રમણીકભાઇનો તેઓને ફોન આવેલો, કેટલા વાગે ફોન આવેલો તે તેઓને યાદ નથી, હવે તેઓ જણાવે છે કે લગભગ સાડા બારની આસપાસ રમણીકભાઇનો ફોન આવ્યા બાદ મશીનો વેચાણ આપવા બાબતે સોદો નક્કી થઇ ગયેલ અને ત્યારબાદ તેઓએ તપાસ કરી ટ્રાન્સપોર્ટેશન ખર્ચ પણ જણાવી દીધેલ. વધુમાં સદર સાહેદને બચાવપક્ષે આ સોદો નક્કી થયા બાદ તમો તરત જ મશીનો આપવા નીકળી ગયેલ ? એ સવાલ પુછતા તેના જવાબમાં જણાવેલ કે તારીખ ૨૪/૧૨/૨૦૧૯ના રોજ સવારે દસ વાગ્યાની આસપાસ મશીનો આપવા નીકળેલ. વધુમાં ઉલટતપાસમાં જણાવેલ છે કે, રાજકોટથી પીઠડ પહોંચતા તેઓને કલાક દોઢ કલાક જેવુ થયેલુ, ગામમાં પહોંચ્યા બાદ તેઓએ રમણીકભાઇ પઢીયાર ક્યાં રહે છે તે બાબતે કોઇને પુછેલુ નહી, ગામમાં પહોંચ્યા બાદ તેઓએ રમણીકભાઇને ફોન કરેલો, તેઓની વાતચીત રમણીકભાઇ સાથે ચાલુ હતી ત્યારે રમેશભાઇ ત્યાં આવી ગયેલા. વધુમાં સદર સાહેદે એ હકિકતો સ્વિકારેલ છે કે, ગામડા ગામમાં સામાન્ય રીતે કોઇ ગયેલ વ્યક્તિ કંઇક જગ્યા ગોતતી હોય તો તેને રાહદારી વ્યક્તિ કોનુ કામ છે, કોનુ ઘર ગોતો છો તેવુ પુછે. વધુમાં સદર સાહેદે એવુ

જણાવેલ છે કે તેઓ રકમ અંગે કોઇ વહીવનટ ન થતા ફરી જ્યાં મશીન ઉતાર્યા હતા તે જગ્યાએ આવતા ત્યાં મુદ્દામાલ પડેલ ન હતો. વધુમાં સદર સાહેદે સ્વિકારેલ છે કે, ત્યાં હાજર બહેનને તેઓએ મશીનો ક્યાં ગયા તે બાબતે પુછતાં જણાવેલ કે તેઓને ખબર નથી. બચાવપક્ષ તરફે તમે જ્યારે ગામમાં મુદ્દામાલ લઇને પહોંચેલા ત્યારે તમારી બાજુમાં મોટરસાઇકલ લઇને આવીને ઉભેલ વ્યક્તિનું નામ રમેશભાઇ પઢીયાર હતુ તે તમે જાણતા હતા ? તેમ સવાલ પુછતા તેના જવાબ ના આપેલ છે. સાહેદ જણાવે છે કે તેણે આવીને ઓળખાણ આપેલ કે મારુ નામ રમેશભાઈ પઢિયાર છે અને રમણીકભાઈ પઢીયાર મારો ભાઈ છે. આંક. 34 થી રજુ બીલ બતાવતા તે કેસ મેમો પ્રકારનુ બીલ છે તેમ જણાવલ છે. વધુમાં સદર સાહેદે સ્વિકારેલ છે કે, કેસ મેમો પ્રકારનુ બીલ રોકડા નાણા આપ્યા બાદ આપવામા આવે છે.

વધુમાં બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓ તારીખ ૨૪/૧૨/૨૦૧૯ ના રોજ રાત્રીના સાડા દશથી અગીયાર વાગ્યાની આસપાસ જોડીયા પોલીસ સ્ટેશનમા આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપવા ગયેલ, ફરીયાદ આપવા માટે ગયેલા ત્યારે તેઓની સાથે સુરેશભાઈ વિશ્વકર્મા હાજર હતા, તેઓ બોલતા જતા હતા અને ફરીયાદ લખાય જતી હતી. વધુમાં સદર સાહેદે સ્વિકારેલ છે કે, તેઓ જયારે ફરીયાદ લખાવતા હતા અને ફરિયાદ લખવાવાળા ભાઈ ફરીયાદ લખતા હતા ત્યારે તેઓ તે વાંચી શકતા ન હતા. સાહેદ જણાવે છે કે તેઓ કોમ્પ્યુટરની પાછળ હતા. વધુમાં સદર સાહેદ સ્વિકારે છે કે, આરોપી રમેશભાઈ કયા કંપનીનુ બાઈક લઈને આવેલ અને તેનો રજીસ્ટ્રેશન નંબર શુ હતો તે પોતાની ફરિયાદમાં જણાવેલ નથી. વધુમાં સાહેદ જણાવે છે કે, તેઓએ જોડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપી ત્યાથી પરત નીકળેલ તે આશરે બે ત્રણ કલાકનો સમયગાળો હતો. વધુમાં સદર સાહેદે સ્વિકારેલ છે કે, તેઓએ જે ફરીયાદ આપેલી અને ફરીયાદ લખનારે જે ફરીયાદ લખેલી તે તેઓએ પુરેપુરી વાંચેલી અને ત્યારબાદ જ તેમા સહી કરેલી. વધુમાં સદર સાહેદે એ હકિકતો જણાવેલ છે કે, તેઓની દુકાનમા માલની લે વેચ અને સમારકામની જે કઈ આવક જાવક થાય તેનો હીસાબ રહે છે, વેચાણનો હીસાબ તેઓ લખે છે અને રીપેરીંગનો હીસાબ તેઓના

અતુલકાકા લખે છે, તેઓ પોતાની દુકાનમાં જે લે વેચ થાય તેનાથી થતી આવકનો આવકવેરો ભરે છે, આ હીસાબ તેઓના ચાર્ટડ એકાઉન્ટન્ટ ભરે છે, દર વર્ષનો આવકવેરો ભરી અને તેના રીટર્નની ફાઈલ તેઓને આપે છે, તે રીટર્નમા તેઓએ કઈ કંપની પાસેથી કેટલા મશીનો લીધા અને કેટલા મશીનો વેચ્યા તેનો હીસાબ હોય છે, લતીપરથી પીઠડ તેઓ મોબાઇલમાં નેવીગેશન જોઇને પહોંચેલ. વધુમાં સદર સાહેદ એ હકિકતોનો સ્વિકાર કરે છે કે, આંક–૩૪ વાળા બીલમાં સંચાઓનો ઉલ્લેખ કરેલ છે તે તેઓએ આરોપીઓને વેચેલ છે તે આંક–૩૪ વાળા સંચાઓ આરોપીની માલીકીના હતા તેના કોઇ આધાર પુરાવા ફરીયાદ આપતી સમયે પોલીસને આપેલ નહી, આંક–૩૪ વાળા બીલમાં જે મુદ્દામાલનું વર્ણન ઉલ્લેખ કરેલ છે તેના સિવાય આપેલ ચીજોનો કોઇપણ પ્રકારનો ઉલ્લેખ આંક–૩૪ વાળા બીલ(કેશમેમો) માં કરેલ નથી, આંક–૩૪ વાળા કેશમેમોમાં ટ્રાન્સપોર્ટનાં કોલમમાં વાહનનો નંબર લખેલ નથી. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, તેઓ હીરાલાલ કે. બ્રધર્શ નામની જે દુકાન જણાવે છે તેમાં તેઓ કુલ ચાર વ્યક્તિ ચલાવે છે જેમાં (૧) અતુલભાઇ નરભેરામભાઇ ચાવડા, (૨) સંજયભાઇ નરભેરામભાઇ ચાવડા, (૩) પ્રશાંતભાઇ બીપીનભાઇ ચાવડા તેઓ પોતે અને (૪) નૈમીશભાઇ અતુલભાઇ ચાવડા છે અને તેઓ આ દુકાનના પ્રોપરાઇટર છે. વધુમાં સાહેદને ફરીયાદમાં સહી બતાવેલ તે સહી તેઓ બધે જ કરે છે. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, તેઓ જ્યારે મશીન લઇ અને પીઠડ આવવા માટે નિકળેલ ત્યારે તેઓની દુકાનના માણસ સુરેશભાઇ હતા. બાદમાં તેઓ જણઆવે છે કે તેઓએ અગાઉ જણાવેલ ચાર ઈસમો હંમેશા હાજર હોય છે. આ સિવાયની ઉલટતપાસમાં પુછવામાં આવેલ તમામ હકિકતોનો ઈન્કારમાં જવાબ આપેલ છે.

**(૮.૩)** ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૯ થી સાહેદ ભાવિન બીપીનભાઇ ચાવડાનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ઉપરોકત સરનામે રહે છે અને રાજકોટમા હીરાલાલ કે. બ્રધર્સ નામની દુકાન ચલાવે છે. તેઓ સીલાઈ મશીન વેચાણ અને રીપેરીંગ કરવાનુ

કામ કરે છે. તારીખ ૨૩/૧૨/૨૦૧૯ ના રોજ રમણીકભાઈ પઢીયારનો તેઓના મોટાભાઈ પ્રશાંતભાઈ ચાવડાને ફોન આવેલો કે મારે સીલાઈ મશીનની જરૂરીયાત છે અને આખા આટાના આઠ નંગ સીલાઈ મશીન, ફોલછેડાના ચાર નંગ મશીન અને અડધા આટાના ચાર નંગ સીલાઈ મશીન જોઈએ છે તેવુ જણાવેલ ત્યારબાદ પ્રશાંતભાઈએ તેમને ભાવતાલ આપેલ. જેમા કુલ રકમ ૧,૧૭,૨૦૦/– ની મશીનની કિમત હતી અને ટ્રાન્સપોર્ટેશનના ૨૫૦૦/– રૂપીયા જેવી રકમ હતી. ત્યારબાદ કનફર્મ કરીને તેઓના ગામે મશીન પહોચાડવાનુ જણાવેલ. ત્યારબાદ બીજે દીવસે ૨૪/૧૨/૨૦૧૯ ના રોજ પ્રશાંતભાઈ મશીન લઈને પીઠડ ગામે આવેલ. ત્યા માલ લઈને આવતા હતા ત્યારે તેને એડ્રેસ મળતુ ન હતુ જેથી તેઓ ફોન કરતા હતા તેવામા એક ભાઈ સામા આવેલ અને કહેલ કે હુ રમેશભાઈ પઢીયાર છુ અને રમણીકભાઈ મારા ભાઈ છે તેવુ જણાવેલ. ત્યાથી તેઓ રમણીકભાઈના ઘરે લઈ ગયેલ અને ત્યા તેના ફળીયામા મશીન ઉતારેલ. પ્રશાંતભાઈએ મશીન અને એસેસરી વિગેરે માલનુ ઓકે થઈ જતા પેમેન્ટ બાબતે પુછતા તેઓએ જણાવેલ કે તમે આવો મારી સાથે લતીપર પાસેના પેટ્રોલપંપ પાસે આવેલ એટીએમ માથી પૈસા ઉપાડીની આપી દઉ. જેથી તેઓ પીઠડ ગામેથી નીકળી એટીએમ પાસે જતા હતા ત્યારે રસ્તો ઉબડ ખાબડ હતો. રમેશભાઈ આગળ બાઈકમા હતા અને પ્રશાંતભાઈ પાછળ ફોરવ્હીલમા હતા જેથી રમણીકભાઈ ત્યાથી કયાંક નીકળી ગયેલ અને પ્રશાંતભાઈ એટીએમ પાસે પહોચેલ જેથી પ્રશાંતભાઈએ રમણીકભાઈ અને રમેશભાઈ ને ફોન કરતા તેઓએ જણાવેલ કે હુ આવુ છુ તેથી પ્રશાંતભાઈએ કલાક બે કલાક રાહ જોઈ. જેથી તેઓ ફરીવાર જયાં માલ ઉતારેલ ત્યાં ગયેલ અને કહેલ કે આ રમણીકભાઈ અને રમેશભાઈ કયા છે તેઓ આવતા નથી મારે પેમેન્ટ લેવાનુ બાકી છે. જેથી પ્રશાંતભાઈ ફરીથી ફોન કરતા તેઓએ ધાકધમકી આપેલ

કે પૈસા અત્યારે છે નહી તમે અત્યારે નીકળી જાવ પરંતુ પ્રશાંતભાઈએ રાહ જોઈ અને તેને રીકવેસ્ટ કરેલ કે તમે પેમેન્ટ આપી દયો છતા તેણે પેમેન્ટ આપેલ નહી અને ધાકધમકી આપેલ. જેથી પ્રશાંતભાઈએ તેઓને રાજકોટ ફોન કરેલ અને કહેલ કે આપણે મશીન ઉતારેલ તેના પૈસા આપતા નથી અને ધાકધમકી આપે છે જેથી તેઓએ તેઓને જણાવેલ કે તમે ત્યાથી નીકળી જાવ અને નજીકના પોલીસ સ્ટેશને જતા રહો. જેથી તેઓના ભાઈ પ્રશાંતભાઈ જોડીયા પોલીસ સ્ટેશન આવેલ અને ફરીયાદ કરેલ. જેથી તેઓ રાજકોટથી નીકળી જોડીયા આવેલ અને તે દિવસે તેઓના ભાઈની પુછપરછ કરેલ અને નીવેદન તેઓએ કયારે આપેલ તે યાદ નથી કદાચ બીજા દિવસે પણ આપેલ હોય.

ત્યારબાદ બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી હાજર ન હોય આરોપી નં. ૩ હાજર હોય તેઓને કાંઈ પુછવુ નથી તેમ જણાવેલ તથા આરોપી નં.૨ હાજર ન હોય તેઓની ઉલટતપાસનો હક્ક બંધ કરેલ છે.

(૮.૪) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૫૩ થી સાહેદ સુરેશ તેજબહાદુર વિશ્વકર્માનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ હીરાલાલ કે બ્રધર્સ નામની દુકાનમા સીલાઈ મશીન ફીટીંગનુ કામ કરે છે. ડીસેમ્બર ૨૦૧૯ મા તેઓના શેઠ પ્રશાંતભાઈના ફોનમા ફોન આવેલ અને આખા આંટાના આઠ મશીન અને અડધા આટાના ચાર મશીન અને ફોલછેડાના બે મશીન એમ કુલ ૧૪ મશીનનો રમણીકભાઈનો પ્રશાંતભાઈ ઉપર ફોન આવેલો. જેથી તેઓ તથા પ્રશાંતભાઈ ફોરવ્હીલમા આવેલા અને મશીનો છોટા હાથીમા પીઠડ ગામે લઈ આવેલા. ત્યારે સામેથી એક ભાઈ આવેલા જેણે કહેલુ કે હુ રમેશભાઈ પઢીયાર છુ અને રમણીકભાઈનો

ભાઈ છુ તેવુ જણાવેલ અને રમણીકભાઈના ઘર સુધી તમને લઈ જાવ. એક લોખંડના મોટા ડેલામા મોટો ફળીયો હતો તેમા બધા મશીન ગોઠવી દીધેલા અને એસેસરીઝ ગોઠવી દીધેલા. રમેશભાઈએ તેઓને ચા પાણી પીવડાવેલા. રમણીકભાઈનો પ્રશાંતભાઈ ઉપર ફોન આવેલ અને જણાવેલ કે હુ બહારગામ છુ અને મને આવતા વાર લાગશે તમે લોકો લતીપર ગામના પેટ્રોલપંપ પાસે આવો હુ એટીએમ માથી પૈસા કાઢી આપીશ. રમેશભાઈ તેઓની આગળ હોન્ડામા હતા અને તેઓ પાછળ હતા થોડીવાર પછી રમેશભાઈ ગાયબ થઈ ગયેલા. પછી તેઓએ રમણીકભાઈને ફોન કરતા તેઓએ કહેલ કે વાંધો નહી તમો એટીએમ પાસે આવી જાવ હુ તમને પૈસા આપી દઈશ. પેટ્રોલપંપ પાસે તેઓ ઉભા હતા ત્યારે તેઓને આખો દિવસ ફોન કરેલ પણ આવેલ નહી અને સાંજ પાડી દીધેલ. પછી તેઓ રમણીકભાઈના ઘરે ગયેલ ત્યારે ડેલો ખટખટાવતા રમણીકભાઈના પત્નિ બહાર આવેલ પણ ત્યા મશીન ન હતા. ત્યાં તેઓએ મશીન બાબતે રમણીકભાઈના પત્નિને પુછતા તેઓએ કહેલ કે અમો બહાર હતા અમોને ખબર નથી. પછી તેઓએ રમણીકભાઈને ફોન કરતા રમણીકભાઈએ ફોન ઉપાડેલ નહી ત્યારબાદ તેમની પત્નિએ ફોન કરતા ફોન ઉપાડેલ અને કહેલ કે તમે ઘરે કેમ ગયા પેટ્રોલ પંપ પાસે આવો હુ અહી ઉભો છુ. જેથી તેઓ ફરીથી પેટ્રોલ પંપે ગયેલા. પરંતુ ત્યા તેઓ હતા નહી. ફરી તેઓએ તેમને ફોન કરતા તેઓએ હુ આવુ છુ તેવુ કહેલ અને ત્યારબાદ તેઓ આવેલ નહી. ફરીથી ફોન કરતા તેઓએ કહેલ કે કાલે આવો આજે પૈસાની વ્યવસ્થા નહી થાય. ત્યારબાદ મશીનની માંગણી કરતા તેઓ ગાળાગાળી કરવા લાગેલ. ત્યારપછી તેનો ફોન લાગેલો નહી. સદર બનાવની ફરીયાદ પ્રશાંતભાઈએ આપેલી અને પોલીસે તેઓનો જવાબ લીધેલો. તેઓ આરોપી રમેશભાઇ પઢીયારને જોયે ઓળખી શકે જે તે રોજ કોર્ટમાં હાજર નથી.

વધુમાં બચાવપક્ષે આરોપી નંબર–૩ તરફે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ. આરોપી નંબર–૨ તરફે વિ.વકિલશ્રી હાજર ન હોય તેઓનો ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ. આરોપી નંબર–૩ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓ સાત આઠ વર્ષથી હીરાલાલ કે બ્ર ધર્સમા નોકરી કરે છે. તેઓ સવારે દશ વાગ્યે નોકરી ઉપર જાય છે અને સાંજે સાડા આઠે ઘરે આવે છે. વચ્ચે લંચ ટાઈમ હોય છે તેમા તેઓ ઘરે આવે છે. તેઓ હાલ ગીતાનગર શેરી નં. ૨ મા રહે છે. તેઓને ગુંદાવાડી પોલીસ સ્ટેશનમાથી હાલના કેસમા જુબાની આપવા માટે આજરોજ જુબાની આપવા માટે જોડીયા મુકામે જવાનુ છે તેવુ મોબાઈલ પર જણાવવામા આવેલ જેથી તેઓ આજરોજ અત્રે આવેલ છે. તેઓ આજરોજ તેઓના શેઠ ભાવીનભાઈ તથા પ્રશાંતભાઈ સાથે આવેલ છે. પ્રશાંતભાઈ એટલે આ કામની ફરીયાદ જેણે આપેલી તે વ્યકિત છે. તેઓના ફોનમા રમણીકભાઈનો કોઈ ફોન આવેલો હોય, વસ્તુ મંગાવેલ હોય કે પૈસા બાબતે ચર્ચા થઈ હોય તેવુ બનેલ નહી. વધુમાં સદર સાહેદે એ હકિકતો સ્વિકારેલ છે કે, તેઓએ પોતાના નીવેદનમા રમણીકભાઈના કયા નંબર પરથી ફોન આવેલો તે નંબર લખાવેલ નથી, રમેશભાઈ જે હોન્ડા લઈને આવેલા તે હોન્ડાના નંબર તેઓએ પોતાના નીવેદનમા લખાવેલા નથી. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે તેઓ આ પહેલા કયારેય પીઠડ ગામ ગયેલ નથી, લતીપર કે તે બાજુના વિસ્તારમા પણ આ પહેલા કયારેય ગયેલ નથી.

વધુમાં સદર સાહેદે સ્વિકારેલ છે કે.તેઓ પોતાના શેઠ સાથે જે ફોરવ્હીલમા ગયેલો તે ફોરવ્હીલના નંબર તેઓએ પોતાનાં નીવેદનમા લખાવેલ નથી તેમજ જે સીલાઈ મશીનો છોટા હાથીમા મોકલાવેલ તેના નંબર અને તેના ડ્રાયવર કોણ હતુ તે પણ પોતાનાં નીવેદનમા લખાવેલા નથી, તેઓએ દુકાનમા ઓર્ડર મળ્યા બાદ બધા મશીનો ફીટ કરી

અને તેને છોટાહાથીમા લોડીંગ કરવાનુ કામ કરેલ, તેઓ ઉપર મશીન ફીટ કરવાની કામગીરી કરતો હોય એટલે નીચે શેઠ પ્રશાંતભાઈ શુ કરતા હોય તેની તેઓને ખબર ન હોય, સાહેદ જણાવે છે કે કાઉન્ટર સંભાળતા હોય. પાંચ સાત વર્ષ થઈ ગયા હોય તેઓને ફોન આવ્યો ત્યારે કયાં હતો તે કહી શકે નહી પરંતુ તેઓને શેઠે એવુ જણાવેલ કે ૧૪ મશીનનો ઓર્ડર આવેલ છે અને પીઠડ ગામે મુકવા જવાના છે એટલુ તેઓને યાદ છે. વધુમાં સદર સાહેદે એ હકિકતો સ્વિકારેલ છે કે, રમેશભાઈએ તેઓને ચા પીવડાવેલ તે હકીકત તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નીવેદનમા લખાવેલ નથી, તેઓ રમણીકભાઈના ઘરે ગયેલા ત્યારે રમણીકભાઈના પત્નિએ દરવાજો ખોલેલ તેવી હકીકત તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નીવેદનમા લખાવેલ નથી. સાહેદ જણાવે છે કે એક સ્ત્રીએ દરવાજો ખોલેલ તેવુ લખાવેલ છે. વધુમાં સદર સાહેદે એ હકિકતો સ્વિકારેલ છે કે, દરવાજે ઉભેલ સ્ત્રીને મશીનો બાબતે પુછતા તેણે જણાવેલ કે અમો બહાર હોય અમને એ બાબતે ખબર નથી તેવુ તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નીવેદનમા લખાવેલ નથી.

વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, તેઓને પૈસા બાબતે રમણીકભાઈએ ગલ્લા તલ્લા કરતા અને કાલે આવવાનુ કહેતા તેઓ જોડીયા પોલીસ સ્ટેશને શેઠ સાથે આવેલા, જોડીયા પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા આવેલા ત્યારે તેઓ તથા તેઓના શેઠ બે જ જણા હતા, તેઓ જોડીયા પોલીસ સ્ટેશને ગયેલા ત્યારે શેઠ જોડીયા પોલીસ સ્ટેશનમા અંદર ગયેલા ત્યા તેઓએ શુ કરેલ તે તેઓને ખબર નથી, શેઠ અંદર દશથી પંદર મીનીટ રોકાયેલા, પછી તેઓ રાત્રીના અગીયાર બાર વાગ્યા સુધી જોડીયા જ રોકાયેલ અને ત્યારપછી રાજકોટ ગયેલા, તેઓને એ વાતનો કોઈ આઈડીયા નથી કે તેઓ તેઓના શેઠે ફરીયાદ આપ્યા પછી કેટલા દિવસે અને કયાં તેઓએ

પોતાનું નીવેદન આપેલ, તેઓ આ કામના આરોપી રમેશભાઈને આ પહેલા કયારેય મળેલ નહી, તેઓ પીઠડ ગામમા પહોચ્યા ત્યારે પહેલા તેઓની ફોરવ્હીલ પીઠડ ગામમા પહોચેલી, તેઓ પીઠડ ગામમા કયાં ઉભા રહેલા તેની તેઓને ખબર નથી, રમેશભાઈ પીઠડ ગામમા તેઓને કઈ જગ્યાએ મળેલા તેની તેઓને ખબર નથી, તેઓનું મુળ વતન નેપાળ છે, તેઓને એ વાતની ખબર નથી કે ગામડા ગામમા કોઈ વાહન લઈને આવીને ઉભા રહે તો ત્યાથી પસાર થતી વ્યકિત કોનુ કામ છે અથવા કહીએ તે જગ્યાએ મુકી જાય છે તેવુ પુછતા હોય છે. વધુમાં સદર સાહેદે એવી હકિકતો સ્વિકારેલ છે કે, તેઓ જે રમેશભાઈને મળ્યાનુ કહુ છુ તે રમેશભાઈને બીજીવાર કયારેય મળેલ નથી, પોલીસ દ્રારા  કે મામલતદારની ઓફીસમા તેઓને આ રમેશભાઈ બતાવેલા હોય અને ઓળખાવેલા હોય તેવુ બનેલ નથી, તેઓના શેઠે ફરીયાદ આપી અને તેઓ રાજકોટ મુકામે ચાલ્યા ગયા ત્યારબાદ કયારેય પણ જોડીયા આવેલા નથી. આ સિવાયની ઉલટતપાસમાં પુછવામાં આવેલ તમામ હકિકતોનો ઈન્કારમાં જવાબ આપેલ છે.

(૮.૫) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૫૬ થી સાહેદ અજયભાઈ મૈયાભાઈ મકવાણાનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ગાડી ડ્રાઈવીંગનું કામકાજ કરે છે. તેઓની પાસે છોટા હાથી રજી. નં–જીજે–૦૩–ઝેડ–૬૧૫૯ નંબરની ગાડી છે. તેઓ પ્રશાંત બીપીનભાઈ ચાવડાને ઓળખે છે જેને સીલાઈ મશીનની દુકાન છે અને કોઈ માલ મંગાવે ત્યારે તેના ફેરા નાંખવા માટે જાય છે. બનાવ ૨૦૧૯ ની ૨૩ તારીખે બનેલ ત્યારે પ્રશાંતભાઈનો ફોન આવેલ ત્યારે તેઓએ કહેલ કે આપણે પીઠડ ગામે ૧૪ સીલાઈ મશીન મુકવા જવાના છે તમે આવશો?, જેથી તેઓએ હા પાડેલ. જેથી તેઓના ભાડાના ૨૫૦૦/– રૂપીયા નક્કી થયેલ. સીલાઈ મશીનની કિંમત કેટલી નક્કી થયેલી તે તેમને હાલ યાદ નથી. ત્યારબાદ

તેઓ ૨૪ તારીખે એટલે કે બીજા દીવસે તેઓની ઉપરોક્ત નંબરવાળી છોટા હાથીમાં ૧૪ સીલાઈ મશીન, મોટર વિ. માલ ભરીને પીઠડ ગામે જવા નીકળેલ તેઓની ગાડીમાં તેઓ એકલા જ હતા અને પ્રશાંતભાઈ અને તેમના કારીગર સુરેશભાઈ બીજી ગાડીમાં પીઠડ ગામે જવા માટે નીકળેલ. પ્રશાંતભાઈ તેની ગાડીમાં આગળ હતા અને તેઓ છોટા હાથી લઈને પાછળ હતા અને પ્રશાંત ભાઈએ બતાવેલ જગ્યાએ માલ ઉતારવાનું કહેતા ત્યાં તેઓએ માલ ઉતારેલ. તેઓએ માલ ઉતારેલ ત્યારે ત્યાં ત્રણથી ચાર વ્યક્તિ હાજર હતા. તેઓએ માલ ઉતાર્યા બાદ તે વ્યક્તિઓએ તેઓને ચા–પાણી પીવડાવેલ. પ્રશાંતભાઈનો ફોન આવેલ કે તમો બહાર રોડ પર ઉભા રહો એક વ્યક્તિ પેટ્રોલપંપ પાસે પૈસા દેવા આવે છે જેથી તેઓ રોડ ઉપર ઉભા રહેલ. બાદમાં પ્રશાંતભાઈને પૈસા આપેલ નહી અને ૨–૩ વાર ફોન કરેલ તો પણ પૈસા આપેલ નહી ત્યારબાદ ફોન સ્વીચ ઓફ આવેલ. ત્યારબાદ તેઓ તથા પ્રશાંતભાઈ તેઓએ જે જગ્યાએ પીઠડમાં જે જગ્યાએ મકાનમાં સંચા ઉતારેલા ત્યાં ગયેલ, ત્યાં મશીન પણ ના હતા અને કોઈ માણસો પણ ના હતા. ત્યારબાદ પ્રશાંતભાઈએ જોડિયા પો.સ્ટેમાં માલ સામાન લઈ લીધેલ હોય અને પૈસા આપેલ ના હોય તે બાબતની ચીટીંગની ફરીયાદ આપેલી. તેઓએ જ્યારે માલ ઉતારેલ ત્યારે જે માણસોએ માલ ઉતરાવેલ તે કોર્ટમાં હાજર હોય તો ખ્યાલ આવે તો ઓળખી શકુ. સાહેદને અદાલતમાં બેસેલ વ્યક્તિઓ પૈકી આરોપીને ઓળખી બતાવવાનું જણાવવાનું કહેતા તેઓ એક સફેદ શર્ટ અને સફેદ પેન્ટ પહેરીને બેસેલ વ્યક્તિને ઓળખી બતાવે છે જેને અદાલત દ્વારા પોતાનું નામ જણાવવાનુ કહેતા તેઓ રમેશ કરશનભાઈ પઢીયાર હોવાનું જણાવે છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવી હકિકતો સ્વિકારેલ છે કે, પ્રશાંતભાઈ છે તે રાજકોટના રહેવાસી છે અને તેઓ પણ રાજકોટના રહેવાસી છે, તેઓ પ્રશાંતભાઈના માલસામાન ની હેરાફેરી કરતા હોઈએ તેથી તેઓને ઓળખે છે. આ સિવાયની ઉલટતપાસમાં પુછવામાં આવેલ તમામ હકિકતોનો ઈન્કારમાં જવાબ આપેલ છે.

(૮.૬) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૬૦ થી સાહેદ નેમીશભાઈ અતુલભાઈ ચાવડાનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પ્રશાંતભાઈ તેઓના પીતરાઈ ભાઈ થાય છે. તેઓ સીલાઈ મશીનનું વેચાણ માટેની દુકાન બાપુના બાવલા પાસે રાજકોટ ખાતે આવેલ છે તેમાં મશીન રીપેરીંગનું કામકાજ કરે છે. આ બનાવ સને ૨૦૧૯ માં થેયલો. તેમને પ્રશાંતભાઈનો ફોન આવેલ અને જણાવેલ કે મશીન મુકીને જતા રહેલા. તેના સિવાય તે કાંઈ જાણતા નથી. આ કામની ફરીયાદ પ્રશાંતભાઈએ આપેલી અને પોલીસે તેઓનું નિવેદન લીધેલ નથી. આનાથી વિશેષ તેઓનું કાંઈ કહેવુ નથી. તેઓ રમણીકભાઈને ઓળખતા નથી. સદર સાહેદ ફરીયાદપક્ષને સમર્થનકારી જુબાની આપતા ન હોય સાહેદને ફરી ગયેલ જાહેર કરતા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવી હકિકતો સ્વિકારેલ છે કે, આ કામના ફરીયાદી તેઓના પીતરાઈ ભાઈ થાય છે, તેમને ફોન દ્રારા તેઓના પીતરાઈ ભાઈએ મશીન અંગે ફોન આવેલ અને તે તેઓ ઉતારી આવેલ તે જણાવેલ તે સિવાય બીજી કોઈ વાત તેમને તેમના પીતરાઈ ભાઈએ જણાવેલ નથી. આ સિવાયની ઉલટતપાસમાં પુછવામાં આવેલ તમામ હકિકતોનો ઈન્કારમાં જવાબ આપેલ છે.

(૮.૭) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૬૧ થી સાહેદ અતુલભાઈ નરભેરામભાઈ ચાવડાનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પ્રશાંતભાઈ તેઓનો ભત્રીજો થાય છે. તેઓ સીલાઈ મશીનનું વેચાણ માટેની દુકાન બાપુના બાવલા પાસે રાજકોટ ખાતે આવેલ છે તેમાં મશીન રીપેરીંગનું કામકાજ કરે છે. આ બનાવ સને ૨૦૧૯ માં થેયલો. તેમને પ્રશાંતભાઈનો ફોન આવેલ અને જણાવેલ કે મશીન મુકીને

જતા રહેલા. તેના સિવાય તે કાંઈ જાણતા નથી. આ કામની ફરીયાદ પ્રશાંતભાઈએ આપેલી અને પોલીસે તેઓનું નિવેદન લીધેલ. આનાથી વિશેષ તેઓનું કાંઈ કહેવુ નથી. તેઓ રમણીકભાઈને ઓળખતા નથી. સદર સાહેદ ફરીયાદપક્ષને સમર્થનકારી જુબાની આપતા ન હોય સાહેદને ફરી ગયેલ જાહેર કરતા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવી હકિકતો સ્વિકારેલ છે કે, આ કામના ફરીયાદી તેઓના ભત્રીજો થાય છે, તેમને ફોન દ્વારા તેઓના ભત્રીજાએ મશીન અંગે ફોન આવેલ અને તે તેઓ ઉતારી આવેલ તે જણાવેલ તે સિવાય બીજી કોઈ વાત તેમને તેમના ભત્રીજાએ જણાવેલ નથી. આ સિવાયની ઉલટતપાસમાં પુછવામાં આવેલ તમામ હકિકતોનો ઈન્કારમાં જવાબ આપેલ છે.

(૮.૮) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૬૩ થી સાહેદ સંજયભાઇ નરભેરામભાઇ ચાવડાનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પ્રશાંતભાઈ બીપીનભાઈ ચાવડા તેઓના સગા ભત્રીજા થાય છે. તેઓની સીલાઈ મશીનની દુકાન લાખાજીબાપુના બાવલા પાસે આવેલ છે. તે વખતે તેઓ પોતાના ભત્રીજાની દુકાન સંભાળતો હતો. આ બનાવને આશરે પાંચેક વર્ષ થયેલ છે. તેઓના ભત્રીજાને સીલાઈના મશીન વેચાણ લેવા માટે કોઈ એક પાર્ટીએ ફોન કરીને જણાવેલ કે અમારે સીલાઈ મશીન જોઈએ છીએ. જેથી તેઓના ભત્રીજાએ જે પાર્ટીએ ફોન કરેલ તેને મશીન છોટા હાથી વાહનમાં મોકલાવેલ. કેટલા મશીન મોકલેલ તે તેમને હાલ યાદ નથી. આ છોટા હાથી ખાલી કરવામાં આવશે ત્યાં તમોને પેમેન્ટ કરી આપીશ તેવુ જણાવેલ. અને મશીન ઉતાર્યા બાદ પૈસા આપવા માટે ગલ્લાતલ્લા કરેલા અને આજદિન સુધી પૈસા આપેલ નહી. તેમને હાલ યાદ નથી કે કેટલા રૂપિયાના મશીન હતા. તેઓના ભત્રીજાએ આ કામના

આરોપીઓ વિરૂધ્ધ જોડિયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. તેમને પોલીસે પુછપરછ કરેલી કે કેમ તે તેમને હાલ યાદ નથી. આનાથી વિશેષ કાંઈ કહેવુ નથી. બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૮.૯) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૭૩ થી તપાસ કરનાર અમલદાર સોનલબેન વલ્લભદાસ સામાણીનાઓને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખ ૨૬/૧૨/૨૦૧૯ના રોજ જોડીયા પો.સબ.ઇન્સ. તરીકે ફરજ પર હતા તે દરમ્યાન ફરીયાદી પ્રશાંતભાઇ બીપીનભાઇ ચાવડાનાઓએ તેઓની રૂબરૂ ફરીયાદ જાહેર કરેલ જે ફરીયાદ ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦બી, ૫૦૪, ૫૦૬ મુજબની ફરીયાદ લઇ જે ફરીયાદીને રજીસ્ટરે થવા પી.એસ.ઓ. ભગીરથસિંહ અનોપસિંહ જાડેજાનાઓને સુપ્રત કરેલ. તેઓએ સદર ફરીયાદને રજીસ્ટર કરી ફરીયાદની તપાસ કરવા તેઓને ડેપ્યુટ કરતા તેઓએ સંભાળી લીધેલ. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપીઓને અટક કરી અટક પંચનામું અને મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામું કરેલ અને તેઓને આંક–૨૩ વાળુ આરોપીનું અટક તથા મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામું બતાવવામાં આવતા જે બે પંચોની હાજરીમાં કરેલ અને રૂબરૂ તરીકે તેઓની સહી છે તે જ છે અને તેઓને આંક–૪૬ વાળુ આરોપીનું અટક તથા મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામું બતાવવામાં આવતા જે બે પંચોની હાજરીમાં કરેલ અને રૂબરૂ તરીકે તેઓની સહી છે તે જ છે સદર કામે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ અને આરોપીઓને જોયેથી ઓળખે છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે એવી હકિકતો સ્વિકારેલ છે કે, ફરીયાદમાં જે મોબાઇલ નંબર જણાવેલ છે તે કોની માલીકીનો હતો અને કોણ ઉપયોગ કરતુ હતુ તે બાબતેનો કોઇ આધાર કે દસ્તાવેજ તેઓની તપાસના કામે કબજે કરેલ નથી, ફરીયાદીના મોબાઇલની સાથે વાત કરેલ તે બાબતેની કોઇ કોલ ડીટેઇલ કે રેકોર્ડીંગ તેઓએ પોતાની

તપાસના કામે કબ્જે કરેલ નથી, તેઓની તપાસના કામે ફરીયાદીનો મોબાઇલ નંબર કયો હતો તે દર્શાવતો કોઇ દસ્તાવેજ રજુ કરેલ નથી, ફરીયાદીનો મોબાઇલ નંબર કયો હતો તે ફરીયાદીની ફરીયાદમાં દર્શાવેલ નથી તથા તેઓની તપાસમાં બહાર આવેલ નથી. આ સિવાયની ઉલટતપાસમાં પુછવામાં આવેલ તમામ હકિકતોનો ઇન્કારમાં જવાબ આપેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકન:</u>**

**(૦૯)** હવે ફરિયાદપક્ષે રજૂ થયેલ તમામ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, આ કામે આરોપીની અટક તથા મુદ્દામાલ કબ્જે કર્યાનાં પંચનામાનાં પંચ સાહેદોએ પંચનામામાં પોતાની સહી સિવાયની પંચનામાની કોઇ હકિકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વિદ્વાન એપીપીશ્રી દ્વારા પંચ સાહેદોને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે. જેથી પંચનામાની હકિકત સાબીત થઇ શકેલ ન હોય, આરોપીની અટક તથા મુદ્દામાલ કબ્જે કર્યાનાં પંચનામા પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

આ કામે આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ તથા ૫૦૬(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે તે હકિકત જોવામાં આવે તો સદર કામે ફરીયાદીનો કેસ એવો છે કે ફરીયાદીને રમણીકભાઇ પઢીયારનાઓએ ફોનમાં ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે. સદર આરોપી રમણીકભાઇ મરણ પામેલ હોય તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી નંબર–૩ સામે કેસ ચાલુ છે જેઓ સામે ઉપરોક્ત કલમ મુજબનો કોઇ આક્ષેપ જણાઇ આવતો નથી કે કોઇપણ સાહેદોના પુરાવામાં આરોપી નંબર–૩નાઓએ કોઇ ભુંડી ગાળો આપેલ હોઇ કે કોઇ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોઇ તેવું સામે આવેલ નથી. જેથી ઉપરોક્ત કલમ મુજબ આરોપી સામેનો કેસ સાબીત કરવામાં ફરીયાદપક્ષ સદંત્તર નિષ્ફળ નિવડેલ હોય, ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ તથા ૫૦૬(૨) મુજબના ગુનાના કામે તક્સીરવાન ઠરાવી શકાય નહી.

ત્યારબાદ આ કામે આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦ મુજબના ગુનાનો આક્ષેપ છે તે જોવામાં આવે તો, ગુનાહિત વિશ્વાસઘાત તથા છેતરપિંડી બંન્ને ગુના એક જ વ્યવહારમાં ન બની શકે. તેમ છતાં ઠગાઇ કરીને કે વિશ્વાસથી મિલકતની સોંપણી સાબિત કરવી જરૂરી છે. જો સોંપણી જ સાબીત ન થાય તો એક પણ ગુના હેઠળ આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી. સદર કામે ફરીયાદી તથા સાહેદોન દ્વારા ફરીયાદી પર આરોપી નંબર–૧ રમણીકભાઇનો ફોન આવેલ અને તેના ફોનના આધારે માલ મોકલેલ તે માલ રમેશભાઇ નામના વ્યક્તિ દ્વારા જે ઘર બતાવવામાં આવેલ તે જગ્યાએ માલ ઉતારેલ. સદર જગ્યા કોની માલીકીની હતી તે બાબતે કોઇ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. તેમજ સદર જગ્યાએ આરોપીને માલ સોંપેલ હોય તે હકિકત સાબીત થઇ શક્તી નથી. ફરીયાદી દ્વારા ફોન પર જે વ્યક્તિ સાથે વાતચીત થઇ તે વ્યક્તિને તેઓ જાણતા નથી ઓળખતા નથી કે તેઓએ જોયેલ નથી. તમામ વ્યવહાર ફોન પર થયેલ છે જે ફોનની કોલ ડીટેઇલ કે કોલ રેકોર્ડીંગ આ કામે તપાસ કરનાર અમલદાર દ્વારા સામેલ રાખવામાં આવેલ નથી. હાલના કામે આરોપી નંબર–૩ સાથે ફરીયાદીને કોઇ વ્યવહાર થયેલ નથી. સદર આરોપીએ માલ મંગાવેલ હોઇ તેવી કોઇ હકિકત સામે આવેલ નથી. સદર આરોપી સાથે તેઓને સિલાઇ મશીન તથા એસેસરીઝ બાબતે કોઇ વાતચીત થયેલ નથી. જેથી હાલના આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦ મુજબના ગુનામાં તક્સીરવાન ઠરાવી શકાય નહી.

ત્યારબાદ આ કામે આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦બી, ૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ છે તે જોવામાં આવે તો, આ કામે કોઇપણ સાહેદોના મૌખિક પુરાવાથી કે દસ્તાવેજી પુરાવાથી આરોપીઓએ કોઇ ગુનાહીત કાવતરૂ રચેલ હોય તેવો કોઇ પુરાવો સામે આવેલ નથી. આરોપીઓએ કઇ જગ્યાએ, કઇ રીતે, ક્યારે અને કોણે કોણે શું કાવતરૂ રચેલ તેવી કોઇ બાબત સામે આવેલ નથી. કોઇપણ સાહેદ દ્વારા આરોપી નંબર–૨ તથા ૪ નું નામ સુદ્ધા આવેલ નથી. ફરીયાદપક્ષ આરોપી નંબર–૨ થી ૪ નો ગુનાના કામે શું રોલ હતો તે પણ સામે લાવી શકેલ નથી. આરોપી નંબર–૩

નાએ કયા આરોપીને કઇ રીતે મદદ કરેલ તેવી કોઇ બાબત સામે આવેલ નથી. જેથી આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦બી, ૧૧૪ મુજબના ગુનાના કામે તક્સીરવાન ઠરાવી શકાય નહી.

સદર કામે મુદ્દામાલ રીકવરીના પંચનામાનાં પંચ સાહેદો દ્ધારા પંચનામાની હકિકતોને સમર્થન મળેલ નથી જેથી તે પંચનામું પુરવાર થતુ નથી. આરોપી નંબર–૩ દ્ધારા ફરીયાદી સાથે કોઇ વાતચીત કે વ્યવહાર થયેલ નથી કે પૈસા બાબતે કોઇ વાતચીત થયેલ નથી કે સદર આરોપીના ઘરે માલ મોકલવામાં આવેલ નથી. સદર આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો કોઇ પુરાવો ફરીયાદપક્ષ દ્ધારા રજુ થયેલ નથી. હાલના કામના આરોપી સામેનો ગુનો નિઃશંકપણે સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષ પર છે. ફરીયાદપક્ષ દ્ધારા તેનો કેસ સાબિત કરવામાં સદંત્તર નિષ્ફળ નિવડેલ હોય, આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી.

(૧૦) આમ, રેકર્ડ પર આવેલ પુરાવા પરથી આરોપી સામેના તહોમતનામા મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થયેલ નથી. આમ, ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનો તુલનાત્મક અભ્યાસ કરતા, ફરિયાદપક્ષ નિ:શંકપણે એવી હકીકત સાબિત કરી શકેલ નથી કે, ફરીયાદીને ફોન કરી આખા આંટાના સિલાઇ મશીન નંગ–૮ તથા અડધા આંટાના સિલાઇ મશીન નંગ–૪ તથા ફોલ છેડાના સિલાઇ મશીન નંગ–૨ મોટર તથા એસેસરીઝ સહિત કુલ કિ.રૂ.૧,૧૭,૨૦૦/– નો મુદ્દામાલ ફરીયાદીને વિશ્વાસમાં લઇ પોતાના પીઠડ ગામ ખાતે મંગાવી આરોપી નંબર–૧ને પૈસા બાબતે ફોન કરતા આરોપીએ ફરીયાદીને ગલ્લા તલ્લા કરી પૈસા નહી ચુકવી અને ફરીયાદીને ભુંડી ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તમામ આરોપીઓએ પુર્વ આયોજિત કાવતરૂ રચી ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરેલ હોય. આમ, ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકારહિત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે તેમ ઠરાવું છું. જેથી મુદ્દા નં. ૧નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ માટે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી નંબર–૩ રમેશભાઇ ઉર્ફે લાંબો કરશનભાઇ અરજણભાઇ પઢીયાર રહે. ન્યુ પ્લોટ, પીઠડાઇ માતાજીના મંદીર સામે, પીઠડ ગામ, તા.જોડીયા, જી.જામનગરનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૧૨૦(બી), ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપી નંબર–૩ ની હાજરી સહેલાઇથી મળી રહે તે સારુ આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(અ) મુજબના જામીન આપવા તથા આ જામીન ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

(૩) આ કામે મુદ્દામાલ પાવતિ મુજબના મુદ્દામાલ અંગે જો અગાઉ હુકમ કરેલ હોઇ તો તે યથાવત રાખવામાં આવે છે અન્યથા અપીલ સમય બાદ માલીકીની ખરાઇ કરી મુળ માલીકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૨૦ મી, માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા

તારીખ: ૨૦/૦૩/૨૦૨૬.

**(કુ.એમ.એચ.મકવાણા)**
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જોડીયા, જિ.જામનગર
GJ01523

બી.કે.બળદા
ગુજ.સ્ટેનો.ગ્રેડ–૩